ભારત સરકારશ્રીના સોફટલોન પેકેજ અંતર્ગત સહકારી ખાંડ કારખાનાને બેંક લોનની રકમ પર વ્યાજ રાહત આપવાની રાજ્ય સરકારશ્રીની યોજના

ગુજરાત સરકાર
કૃષિ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક:-સીએસકે/૧૦૨૦૧૫/૧૫૨૩/ખ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૬-૧૦-૨૦૧૫

વંચાણે લીધા:-

(૧) ભારત સરકારશ્રીના તા.૨૬/૩/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક:- ૧(૫)/૨૦૧૫/એસપી.૧

(૨) ખાંડનિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની તા.૧/૯/૨૦૧૫ ની દરખાસ્ત નોંધ

પ્રસ્તાવના :-

વંચાણમાં લીધા ક્રમાંક:- (૧) માં દર્શાવેલ ભારત સરકારશ્રીના તા.૨૩/૬/૨૦૧૫ના જાહેરનામા થી તાજેતરમાં ચાલુ વર્ષમાં શેરડીની ચૂકવણીની બાકી રકમ ચૂકવવા માટે જાહેર કરેલ રૂા.૬૦૦૦ કરોડની સોફટ લોન પેકેજ અંગે કેટલીક ખાંડ સહકારી મંડળીઓ તે મેળવવાની પાત્રતા ધરાવતી નથી અથવા કેટલાક કિસ્સાઓમાં ધિરાણની મર્યાદા પૂર્ણ થઈ ગયેલ હોવાથી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક અને નાબાર્ડ લોન આપવા માટે મૂંઝવણ અનુભવી રહેલ છે.

ગુજરાત રાજ્ય સહકારી ખાંડ ઉદ્યોગ સંઘ લિ.
ગાંધીનગર.
તારીખ 17 OCT 2015
આવક ક્રમાંક : 9354

(૨) ભારત સરકારશ્રીના તા.૨૩/૬/૨૦૧૫ના જાહેરનામા અન્વયે સોફટ લોન મેળવવામાંથી વંચિત રહેલ હોય તેવી ખાંડ સહકારી મંડળીઓને છેલ્લા ત્રણ વર્ષમાં ભરપાઈ કરેલ ખરીદવેરાની રકમની મર્યાદામાં બેંક લોનની રકમ પર વધુમાં વધુ ત્રણ વર્ષ માટે ૭ ટકા વ્યાજની મર્યાદામાં વ્યાજ રાહત આપવાની રહેશે.

૨. સને ૨૦૧૫-૧૬ના નાણાકીય વર્ષના સુધારેલ અંદાજોમાં જોગવાઈ કરાવીને આ અંગેનો ખર્ચ પાડવાનો રહેશે. આ હેતુ માટે કેટલો ખર્ચ થશે તેના અંદાજ દર્શાવીને ખાંડ નિયામકશ્રીએ વિભાગને બજેટ જોગવાઈ માટેની વિધિસરની દરખાસ્ત કરવાની રહેશે. સુધારેલ અંદાજો મંજૂર થયા બાદ નિયત થયેલ સદરે આ અંગેનો ખર્ચ પાડવાનો રહેશે.

૩. આ હુકમ સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૬/૯/૨૦૧૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.બી.ઠાકોર)
ઉપસચિવ
કૃષિ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
- માન.નાણાં મંત્રીશ્રીના અંગતસચિવશ્રી